# રાજ્યમાં પ્રથમવાર પોઝિટિવ કેસ આંકડો ૫૦૦ને પાર

## ૨૪ કલાકમાં રાજ્યમાં ૩૫ દર્દીનાં મોત : કોરોના સંક્રમિતનો કુલ આંકડો ૧૯ હજારને પાર : કુલ મૃત્યુઆંત ૧૧૯૦ થયો : અનલોક બાદ કેસમાં વધારો

ગાંધીનગર,તા.૫

ગુજરાતમાં અનલોક બાદ આજે કોરોના મહામારીએ આજે વરવુરૂપ ધારણ કરતાં ચોવીસ કલાકમાં કોરોના પોઝિટિવનો આંકડો ૫૦૦ને પાર થયો છે. આ સાથે જ કોરોના સંક્રમીતનો આંકડો ૧૯ હજારને પાર થઈ ૧૯૧૧૯ થયો છે. છેલ્લા ચોવીસ કલાકમાં પણ ૩૫ જણાના મોત થતા કોરોનાએ હાહાકાર મચાવી દીધો છે. અમદાવાદમાં આજે નવા ૩૨૪ દર્દીઓ ઉમેરાતા આંકડો ૧૩૬૭૮ થયો છે. જેમાં અમદાવાદમાં ૩૦ મોત થયા છે. રાજયમાં આજે અનલોકના સપ્તાહમાં જ ૫૧૦ જેટલા નવા કેસો નોંધાતા કોરોના મહામારીએ ગંભીરરૂપ ધારણ કર્યું છે.

જેમાં સૌથી વધારે અમદાવાદમાં ૩૨૪, સુરતમાં ૬૭, વડોદરામાં ૪૫, ગાંધીનગરમાં ૨૧, મહેસાણામાં૯, પાટણ અને જામનગરમાં ૬, વલસાડમાં ૫, ભાવનગર અને અમરેલીમાં ૪, ખેડા, ભરૂચ અને સુરેન્દ્રનગરમાં ૩, ડાંગમાં ૨, બનાસકાંઠા, રાજકોટ, અરવલ્લી, સાબરકાંઠા, છોટા ઉદેપુર, જુનાગઢ, નવસારી અનવે દેવભૂમિ દ્વારકામાં ૧-૧ કેસ નોંધાયો છે. રાજ્યમાં ૨૨ જિલ્લામાં આજે કોરોનાનો ફેલાવો નોંધાયો હતો. રાજ્યમાં કુલ એક્ટિવકેસ ૪૯૧૮ થયા હતા. જેમાં ૬૩ વેન્ટીલેટર પર અને ૪૮૫૫ સ્ટેબલ છે અને ડિસ્ચાર્જ અત્યાર સુધીમાં ૧૩૦૧૧ લોકો થયો છે. કુલ મૃત્યુઆંક ૧૧૯૦ થયો છે. જેમાં રાજયમાં ૩૫ વ્યક્તિઓના કોરોનાને કારણ અવસાન થયા છે. જેમાં અમદાવાદમાં ૩૦, સુરતમાં ૨, આણંદ, ભાવનગર અને સુરેન્દ્રનગર ખાતે ૧ વ્યક્તિનું મોત નીપજયા છે. રાજયમાં આજે ૩૪૪ દર્દીઓ સાજા થયા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે ૨,૨૧,૧૪૯ વ્યક્તિઓને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યો છે. જેમાં ૨૧૩૭૧૭ વ્યક્તિઓ હોમ ક્વોરોન્ટાઈન છે અને ૭૪૩૨ વ્યક્તિઓને ફેસિલીટી ક્વોરોન્ટાઈન રાખવામાં આવ્યા છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૧૩૬૭૮ | ૯૬૮ | ૯૪૭૯ |
| સુરત | ૧૯૪૨ | ૮૨ | ૧૨૮૪ |
| વડોદરા | ૧૨૨૪ | ૪૨ | ૭૨૧ |
| ગાંધીનગર | ૩૮૧ | ૧૫ | ૧૭૨ |
| ભાવનગર | ૧૩૬ | ૧૦ | ૧૦૨ |
| બનાસકાંઠા | ૧૩૨ | ૦૫ | ૯૭ |
| આણંદ | ૧૦૬ | ૧૧ | ૯૧ |
| રાજકોટ | ૧૨૦ | ૦૩ | ૭૩ |
| અરવલ્લી | ૧૧૮ | ૦૭ | ૧૧૧ |
| મહેસાણા | ૧૪૭ | ૦૬ | ૮૦ |
| પંચમહાલ | ૯૭ | ૧૦ | ૭૪ |
| બોટાદ | ૬૦ | ૦૨ | ૫૫ |
| મહીસાગર | ૧૧૬ | ૦૨ | ૯૮ |
| ખેડા | ૮૪ | ૦૪ | ૫૮ |
| પાટણ | ૯૨ | ૦૭ | ૬૭ |
| જામનગર | ૬૧ | ૦૩ | ૪૨ |
| ભરૂચ | ૫૧ | ૦૩ | ૩૪ |
| સાબરકાંઠા | ૧૧૨ | ૦૩ | ૮૦ |
| ગીર-સોમનાથ | ૪૫ | ૦૦ | ૪૪ |
| દાહોદ | ૪૫ | ૦૦ | ૩૨ |
| છોટાઉદેપુર | ૩૪ | ૦૦ | ૨૩ |
| કચ્છ | ૮૩ | ૦૪ | ૫૫ |
| નર્મદા | ૨૩ | ૦૦ | ૧૮ |
| દેવભૂમિ દ્વારકા | ૧૫ | ૦૦ | ૧૧ |
| વલસાડ | ૪૬ | ૦૨ | ૨૨ |
| નવસારી | ૨૯ | ૦૧ | ૧૪ |
| જૂનાગઢ | ૩૨ | ૦૧ | ૨૭ |
| પોરબંદર | ૧૨ | ૦૨ | ૦૬ |
| સુરેન્દ્રનગર | ૪૬ | ૦૨ | ૨૧ |
| મોરબી | ૦૪ | ૦૦ | ૦૩ |
| તાપી | ૦૬ | ૦૦ | ૦૫ |
| ડાંગ | ૦૪ | ૦૦ | ૦૨ |
| અમરેલી | ૧૪ | ૦૧ | ૦૨ |
| અન્ય રાજ્ય | ૦૮ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૧૯૧૧૯** | **૧૧૯૦** | **૧૩૦૧૧** |

### મોડાસા બસસ્ટેન્ડ પાસેની લીઓ પોલીસ ચોકી પર માનસિક

# બિમાર યુવકે પથ્થરમારો કરી પોલીસકર્મીઓ સાથે ઝપાઝપી

મોડાસા, તા. ૫

મોડાસાના જુના બસસ્ટેન્ડ નજીક આવેલ લીઓ પોલીસ ચોકી પર ગુરુવારના રોજ એક શખ્સે મારી વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કેમ લીધી છે તેમ કહી પોલીસ ચોકી ઉપર પથ્થરો ફેંક્યા હતા. પોલીસ ચોકી પર હાજર પોલીસ કર્મચારી તેમજ ટીઆરબી જવાનોએ તેને અટકાવવા જતા પોલીસ કર્મીઓ અને ટીઆરબી જવાનો સાથે ઝપાઝપી કરતા સમગ્ર વિસ્તારમાં અજંપાભરી સ્થિતિનું નિર્માણ થયું હતું. પોલીસે યુવકને દબોચી લઈ ટાઉન પોલીસ મથકે લઈ જઈ પુછપરછ કર્યા બાદ તેના પરિવારને બોલાવ્યો હતો જેમાં પરિવારે યુવક માનસિક બીમાર હોવાથી ગેરવર્તણૂક કરી હોવાનું જણાવતા અને પોલીસને પણ યુવકની માનસિક સ્થિતિ સારી ન હોવાની જાણ થતા માનવતાવાદી અભિગમ દાખવી પરિવારજનોને સુપ્રત કર્યો હતો.



મોડાસાના જુના બસ સ્ટેન્ડ નજીક આવેલ લીઓ પોલીસ ચોકી પર ગુરુવારે સાંજના સુમારે માનસિક બીમારીથી પીડાતા એક શખ્સે આવીને મારી ઉપર ફરિયાદ કેમ દાખલ કરી છે તેમ કહી નજીકમાં પડેલ પથ્થરો લઈ લિઓ પોલીસ ચોકી પર ઝીંકતા પોલીસ ચોકી પર પથ્થરો ફેંકાતા શખ્સને ફરજ ઉપરના પોલીસકર્મી અને ટીઆરબી સ્ટાફે અટકાવતા તેમની સાથે મારામારી પર ઉતરી આવતા લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટ્યા હતા, આખરે પોલીસે યુવકની અટકાયત કરી ટાઉન પોલીસ મથકે લાવ્યા હતા. જ્યાં તેની પુછપરછ કરતાં તેણે પોતાનું નામ મહંમદ મજર મો.ફારૂક મીર્ઝા (રહે. આઈ.જી.બંગલોઝ, ભેરૂન્ડા રોડ, મોડાસા) હોવાનું જણાવ્યું હતું. જેને આધારે પરિવારને પોલીસ મથકે બોલાવતાં પરિવારે આ શખ્સ માનસીક બિમાર હોવાનું જણાવ્યું હતું અને તેની અમદાવાદ ખાતે સારવાર ચાલતી હોવાનું પણ જણાવ્યું હતું. પરિવારે આ શખ્સ હવે આવું કૃત્ય નહીં કરે અને અમે તેની પુરેપુરી તકેદારી રાખીશું તેમ જણાવતાં પોલીસે કાયદેસરની કાર્યવાહી કરવાનું ટાળ્યું હોવાનું ફરજ પરના પીએસઆએ ટેલિફોનિક પૂછપરછમાં જણાવ્યું હતું.



રાજ્યનું પાટનગર ગાંધીનગર તેની હરિયાળી માટે સુવિખ્યાત છે. કોઈ શહેરોમાં ન હોય તેવા સુંદર અને હર્યાભર્યા બગીચાઓ અહીં જોવા મળે છે. આ બગીચાઓને હંમેશા હર્યાભર્યા રાખવા માટે વનવિભાગ દ્વારા ખૂબ જ મહેનત કરવામાં આવે છે. સેક્ટર-૬ ના બગીચાઓની લોન આકરા તડકામાં સૂકાય નહી તે માટે વોટર ટેન્કર દ્વારા પાણીનો અહીં છંટકાવ કરવામાં આવે છે.

# ૬ વર્ષ પૂરા થાય પછી જ ધોરણ-૧માં પ્રવેશ મળશે

### રાજ્યમાં ૨૦૨૩-૨૪થી અમલ : આરટીઈ અંતર્ગત ૬થી ૧૪ વર્ષના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ

ગાંધીનગર,તા.૫

રાજ્ય સરકાર દ્વારા હવે ૬ વર્ષ પૂર્ણ કરેલા બાળકોને જ ધોરણ–૧માં પ્રવેશ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હાલ નર્સરી, જુનિયર કે.જી. અને સીનિયર કે.જીમાં ભણતા વિદ્યાર્થીઓને મુશ્કેલી ન પડે તે માટે આ નિર્ણય ૨૦૨૩–૨૪ના શૈક્ષણિક સત્રથી અમલી બનશે. હાલ ત્રણ વર્ષ સુધી ૫ વર્ષ સુધીના બાળકોને પ્રવેશ અપાશે અને ત્યાર પછીના વર્ષથી ૬ વર્ષ પૂર્ણ કર્યા હોય તેવા વિદ્યાર્થીઓને જ ધોરણ–૧માં પ્રવેશ આપવામાં આવશે. ગુજરાત સરકાર દ્વારા કાયદામાં કરવામાં આવેલા ફેરફાર મુજબ હવે કોઈ પણ બાળક જે તે શૈક્ષણિક વર્ષમાં ૧ જૂનના રોજ ૬ વર્ષ પૂર્ણ ન થયું હોય તેવા બાળકોને ધોરણ–૧માં પ્રવેશ આપવામાં નહીં આવે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧, ૨૦૨૧–૨૨, અને ૨૦૨૨–૨૩ દરમિયાન કોઈ બાળક તે શૈક્ષણિક વર્ષમાં ૧ જૂનના રોજ ૫ વર્ષ પૂર્ણ કરેલા હશે તો તેમને ધોરણ–૧માં પ્રવેશ આપવામાં આવશે. આમ હાલમાં નર્સરી અને જુનિયર–સીનિયર કે.જીમાં ભણતા બાળકોને મુશ્કેલી ન થાય તે માટે સરકારના નવા નિયમનો અમલ ૨૦૨૩–૨૪થી કરવામાં આવશે. સરકાર દ્વારા નવા નિયમો અંગે પરિપત્ર પણ બહાર પાડવામાં આવ્યો છે. હવે જે વાલીઓ તેમના બાળકોને પ્રિ–પ્રાયમરીમાં પ્રવેશ અપાવે ત્યારે બાળકની ઉંમરને ધ્યાનમાં લઈ બાળક ૬ વર્ષનું થાય ત્યારે તેને ધોરણ–૧માં આવે તે પ્રકારનું આયોજન કરે તે માટેની સૂચના આપવામાં આવી છે. ૨૦૨૩–૨૪થી યારે આ નિયમો અમલી બનશે તેના માટે વાલીઓએ અત્યારથી જ પ્રિ–પ્રાયમરીમાં પ્રવેશ વખતે બાળકોની ઉંમરને ધ્યાનમાં રાખવાની રહેશે. અત્યારે ધોરણ–૧માં પ્રવેશ માટેની ઉંમર ૫ વર્ષ નક્કી કરવામાં આવેલી છે. બાળકની ઉંમર ૧ જૂનના રોજ ૫ વર્ષ પૂર્ણ થયેલી હોય તેમને જ પ્રવેશ આપવામાં આવે છે. જોકે, રાઈટ ટુ એયુકેશન એક્ટ અંતર્ગત ૬થી ૧૪ વર્ષના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવાની જોગવાઈ છે. ત્યારે રાયમાં ઉંમરને લઈને પ્રશ્નો ઉભા થતા રાય સરકાર દ્વારા ધોરણ–૧માં પ્રવેશ માટેની લાયકાતમાં ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# તલોદમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી

તલોદમાં સમી સાંજે વાવાઝોડા સાથે વાદળો એકાએક ઘેરાઈ જતા મેઘરાજાની વિજળીના કડાકા સાથે ધમાકેદાર એન્ટ્રી થઈ હતી. મેઘરાજાની પધરામણી થતા જ સમગ્ર નગરમાં વિજળી પણ ડુલ થઈ હતી. ચોમાસાની પ્રથમ પધરામણી તલોદ ગાયત્રી પરિવારના પરિજનોએ જળ આહુતિ આપી મંત્રોચ્ચાર સાથે મેઘરાજાનું આહવાન કર્યુ હતુ. ખુશહાલ ખેડૂતોએ નવા પાકોની તૈયારીઓ માટે ચાલુ વરસાદે પોતપોતાના ખેતરોમાં આટોંફેરી કર્યો હતો. કોરોના મહામારી જેવી બિમારી પણ મેઘરાજાની પધરામણીથી જાકારો આપશે તેવી લોકોએ આશા વ્યક્ત કરી હતી. ધીમીગતીથી પડતા વરસાદે એક ઈંચ જેટલો વરસાદ તલોદના સમગ્ર વિસ્તારમાં નોંધાયો હતો. નાના મોટા તમામ ખેડૂતોએ નવી વાવણી માટે આયોજનના શુભારંભની તૈયારીઓ પણ દર્શાવી હતી. મેઘરાજાની પંદર દિવસ પહેલાથી આગમન થતા આ વર્ષે સારી વરસાદી માહોલ સાથે સિઝન પણ સારી થશે તેવુ લોકો દ્વારા જાણવા મળ્યુ હતુ.

તલોદનગરના જાહેર માર્ગો ગલીઓ, મહોલ્લા અને વિસ્તારોમાં ચાલુ વરસાદે બાળકો તેમજ નાના-મોટા વૃદ્ધોએ ટહેલવાના બહાને નાહવાનુ પણ ચુક્યા ન હતા. મોતિ જેવા વરસાદી ફોરાથી આકાશમાંથી પડતા કરાને લોકોએ ઝીલી ગરમીથી ત્રાહિમામ બનેલા લોકોમાં ઠંડક પ્રસરી હતી.



### વિશ્વ પર્યાવરણ દિવસે ગાયત્રી પરિવાર દ્વારા ઘેર ઘેર ઉજવણી

પર્યાવરણ એ માનવમાત્રને માટે કુદરતની અનમોલ ભેટ છે. જેની જાળવણી કરવી એ મનુષ્યની ફરજ છે. ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે આપણા ભવિષ્યને પર્યાવરણના અસંતૂલનથી બચાવવા જન જાગૃતિ લાવવા યાદ કરાવવા માટે ખૂબજ અગત્યનો દિવસ છે. કારણ કે આપણું પર્યાવરણ સંતુલન ખોરવાય તો આપણે પણ જીવવાનું મુશ્કેલ બનતું જશે. મોડાસા ગાયત્રી ચેતના કેન્દ્ર દ્વારા મળેલ જાણકારી અનુસાર મોડાસા ક્ષેત્રમાં હાલની પરિસ્થિતિ નિયમો અનુસાર સામુહિક કાર્યક્રમ સંભવ ન હોવાથી સોસીયલ મિડિયાના માધ્યમ દ્વારા મોડાસા તેમજ આસપાસના ગામોમાં સૌ ગાયત્રી ઉપાસકો દ્વારા આ વિશ્વ પર્યાવરણ દિવસ પર પોતાના ઘેર જ ઉજવણી કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું. જેમાં વાતાવરણને શુદ્ધિકરણ (સેનેટાઈઝ) માટે યજ્ઞનું વૈજ્ઞાનિક મહત્વ સમજાવવા અને પોતાના તેમજ આસપાસના ઘરોમાં તુલસી વધુ વવાય તેમજ વૃક્ષોનું તરુમિત્ર અને તરુપુત્રની ભાવનાથી જતન કરતા રહેવા, સ્વચ્છતા વિગેરે પર્યાવરણ બચાવો આંદોલન સંદર્ભે જન જાગૃતિ લાવવા સોસીયલ મિડિયાના માધ્યમ દ્વારા સૌ પોતાના સંપર્કમાં સૌને જાગૃતિ લાવવા વધુ પ્રયાસ કરવા સંકલ્પિત બન્યા. આજના વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી મોડાસા તેમજ આસપાસના ૩૦ ગામોમાં ઘેર ઘેર પર્યાવરણ બચાવો આંદોલન અંતર્ગત જનજાગૃતિ વધુ તીવ્ર ગતિ લાવવા યજ્ઞ કરી સંકલ્પ લેવામાં આવ્યા.

### ૭ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે. ૧૪ માં પેટ્રોલ પંપ નજીક ગોકુલપુરામાં રહેતી એક મહિલા જે પણ ડી. માર્ટમાં નોકરી કરે છે. તેનો રિપોર્ટ પણ પોઝીટીવ આવતાં પરિવારના ૪ સભ્યોને ફેસીલીટી ક્વોરોન્ટાઈનમાં ખસેડવામાં આવ્યા છે.

સે. ૫-સી માં રહેતા એક ૫૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જિલ્લા તિજોરી કચેરી ખાતે તેઓ ફરજો બજાવતા હોવાનું જાણવા મળેલ છે. તેમના ઘરના ૫ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત જીઈબી છાપરા જે સંજેરી પાર્ક તરીકે ઓળખાય છે તેમાં કરિયાણાની દુકાન ચલાવતી મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાના પરિવારના ૪ સભ્યોને ફેસીલીટી ક્વોરોન્ટાઈનમાં ખસેડવામાં આવ્યા છે.

મોડી સાંજે સે. ૧૫ માં આવેલ અંબિકાધામ-૨ માં પણ એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

તંત્ર દ્વારા આજે મળી આવેલ દર્દીઓના નિવાસસ્થાન અને તેની આસપાસના વિસ્તારોને સેનીટાઈઝેશન કરવા ઉપરાંત આ વિસ્તારોમાં સઘન સર્વેલન્સની કામગીરી હાથ ધરી છે. તંત્ર દ્વારા હવે કન્ટેનમેન્ટ ઝોન પણ માઈક્રો કરી દેવાની કવાયત હાથ ધરી આ અંગેના જાહેરનામા જારી કરવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.

માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરવા અંગે સરકારમાંથી જ સૂચનાઓ આપી હોવાનું જાણવા મળેલ છે.

### ૨૫ કેસ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહેલ પેથાપુર, કુડાસણ અને નાના-ચિલોડા વિસ્તારમાં પણ કેસોની સંખ્યા વધી રહી છે. જે તંત્ર માટે ચિંતાનો વિષય બનીને ઉભરી રહેલ છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લગભગ સંપૂર્ણ રીતે ભરાઈ ગઈ છે. આ ઉપરાંત કોલવડા કોવિડ સેન્ટર, ગોએન્કા તેમજ આસ્કા હોસ્પિટલમાં પણ દર્દીઓ સારી એવી સંખ્યામાં મોકલી આપવામાં આવ્યા છે. જિલ્લામાં મહિલા દર્દીઓ ઉપરાંત કો-મોરબીડ દર્દીઓ પણ મોટી સંખ્યામાં મળી આવ્યા હોવાથી તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસો પૈકી ૧૧૦ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જ્યારે ૧૩ દર્દીઓના સારવાર દરમ્યાન મોત નીપજ્યા છે. બાકીના દર્દી હાલ એક્ટીવ પેશન્ટ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લાના કલોલ અને ગાંધીનગર ગ્રામ્ય વિસ્તારના કેસોની સંખ્યા ૧૦૦ની નજીક પહોંચી રહી છે. તો માણસા અને દહેગામમાંથી પણ કેસોની સંખ્યા વધી રહી છે જે તંત્રની ચિંતાનો વિષય બન્યા છે.

### કોલોનીનું લોકાર્પણ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાલ શહેરમાં સે-૭ અને સે-૨૯ માં નવી આવાસ યોજના તૈયાર કરાયા બાદ સે-૩૦ માં પણ નવા આવાસો તૈયાર થઈ ગયા છે. સે-૩૦ માં છેલ્લા ૬ મહીનાથી આવાસ યોજના તૈયાર છે. સેકટરમાં બી કક્ષાના ૩૩૬ મકાનો બાંધવામાં આવ્યા છે. જયારે આ કોલોનીને વીર સાંવરકરનગર તેવુ નામ પણ અપાયુ છે. પરંતુ હજુ સુધી આ નવી કોલોનીનુ લોકાર્પણ કરાયુ નથી. આવા સંજોગોમાં હાલ ઘણાંખરા સેકટરોમાં જુદી જુદી કેટેગરીના સરકારી આવાસો ખંડરે અને જર્જરિત હાલતમાં છે. ત્યારે કર્મચારીઓને આવાસ ફાળવવામાં આવતા નથી. એકબાજુ તંત્રના ચોપડે સ્થિત કર્મચારીઓની પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે ત્યારે છેલ્લા ૬ મહીનાથી તૈયાર સે-૩૦ના નવા આવાસો પણ કર્મચારીઓને ફાળવી દેવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે. આવાસ યોજનાના લોકાર્પણનુ પણ લાંબા સમયથી ઠેકાણુ પડ્યુ નથી.

### કોરોના બેકાબુ

● અનુસંધાન પહેલાનું ચાલુ

૬૫૦, મધ્ય પ્રદેશમાં ૩૭૭ અને પશ્ચિમ બંગાળમાં ૩૫૫નો સમાવેશ થાય છે. તો બીજી તરફ કોરોનામાંથી સાજા થવાનો રિકવરી રેટ ૪૮.૨૭ ટકા રહ્યો છે. દેશમાં ત્રણ દિવસથી સતત ટેસ્ટિંગ વધ્યું, છે. ગઈકાલે સૌથી વધારે ૧ લાખ ૩૯ હજાર ૪૮૫ ટેસ્ટ કરાયા હતા.

૪ લોકડાઉન બાદ હવે અનલોક ૧ ઘાતક સાબિત થઈ રહ્યું હોય તેમ અનલોક-૧ના પહેલાં જ દિવસથી કેસોમાં વધારો થઈ રહ્યો છે. ૮ જૂનથી મંદિરો-જીમ-મોલ વગેરે. ખુલશે ત્યારે કેસો વધવાની શક્યતા જોવામાં આવી રહી છે. ભારતે કોરોનાની સાથે જ જવવુ પડશે એમ સરકારે કહ્યું છે ત્યારે કોરોનાન વાઈરસ વધુને વધુ લોકોમાં સંક્રમિત થઈ રહ્યો હોવાનું મનાઈ રહ્યું છે.

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં જ રેકોર્ડ ૯,૮૫૧ કેસો નોંધાયા છે અને કુલ કોરોના પોઝિટિવ દર્દીઓનો આંક ૨,૨૬,૭૭૦ને પાર કરી ગયો છે. આ ઉપરાંત એક જ દિવસમાં ૨૭૩ લોકોના મોત થતા કુલ મૃતકો સંખ્યા ૬,૩૪૮ રહી હોવાનું કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યું છે. દેશમાંથી અત્યાર સુધીમાં ૧,૦૯,૪૬૧ દર્દીઓ કોરોનાને મ્હાત આપીને ડિસ્ચાર્જ થયા છે જેને પગલે કુલ એક્ટિવ કેસ ૧,૧૦,૯૬૦ છે. આ પ્રમાણે કોરોનામાંથી સાજા થવાનો રિકવરી રેટ ૪૮.૨૭ ટકા રહ્યો છે. નિષ્ણાતોના મતે કોરોના આ જ ઝડપથી વધતો રહેશે તો બે દિવસમાં ભારત કોરોનાના કેસોની બાબતે ઈટાલી કરતા આગળ નિકળી શકે છે. ઈટાલીની તુલનાએ ભારતમાં ફેટાલિટીનો દર ઘણો સારો છે. ભારતમાં અત્યાર સુધીમાં ઈટાલીની તુલનાએ પાંચ ગણા ઓછા મૃત્યુ થયા છે.

દેશમાં ૨૪ કલાકમાં ૨૭૩ લોકોના મોત થયા છે જેમાં મહારાષ્ટ્રમાં ૧૨૩, દિલ્હીમાં ૪૪, ગુજરાતમાં ૩૩, ઉત્તર પ્રદેશમાં ૧૬, તમિલનાડુમાં ૧૨, પશ્ચિમ બંગાળમાં ૧૦, તેલંગાણા અને મધ્ય પ્રદેશમાં ૬-૬, કર્ણાટક, બિહાર તેમજ રાજસ્થાનમાં ૪-૪ ઉપરાંત આંધ્ર પ્રદેશ અને કેરળમાં ૩-૩ના મોત થયા છે. ઉત્તરખંડમાં બે તેમજ જમ્મુ-કાશ્મીર, હરિયાણા તેમજ ઝારખંડમાં એક-એક દર્દીઓના મોત થયા છે.

કોરોના મહામારીથી અત્યાર સુધીમાં દેશમાં ૬,૩૪૮ લોકોના મોત થયા છે જે પૈકી ઊંચો મૃત્યુદર ધરાવતા ટોપ પાંચ રાજ્યોમાં મહારાષ્ટ્રમાં ૨,૭૧૦, ગુજરાતમાં ૧,૧૫૫, દિલ્હીમાં ૬૫૦, મધ્ય પ્રદેશમાં ૩૭૭ અને પશ્ચિમ બંગાળમાં ૩૫૫નો સમાવેશ થાય છે.

### આગ સાથે

● અનુસંધાન પહેલાનું ચાલુ

નિયંત્રણમાં લેવા માટે, યુ.એસ. ઘણા લાંબા સમયથી ભારતની ભૂમિકા વધારવાના પ્રયાસો કરી રહ્યું છે. ચીનના અખબારે કહ્યું કે ટ્રમ્પની યોજના અંગે ભારતનો સકારાત્મક પ્રતિસાદ આશ્ચર્યજનક નથી. ભારત એક મોટી શક્તિ બનવાની ઈચ્છા રાખે છે, તે લાંબા સમયથી વિશાળ આંતરરાષ્ટ્રીય મંચોમાં ભાગ લેવાની ઈચ્છા રાખે છે. સરહદ પર ભારત અને ચીન વચ્ચે ચાલી રહેલા તણાવને જોતા ભારત અમેરિકાના જી ૭ ના વિસ્તરણના વિચારને સમર્થન આપીને ચીનને સંદેશ પાઠવવા માગે છે. મોદી બીજા કાર્યકાળમાં પાછા ફર્યા ત્યારથી ચીન પ્રત્યેનો તેમનું વલણ બદલાયું છે. ભારતે ઓસ્ટ્રેલિયા, જાપાન અને યુએસ સાથે ચારપક્ષીય વ્યૂહાત્મક સંવાદમાં તેની ભાગીદારીમાં વધારો કર્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પની ભારત મુલાકાત દરમિયાન ભારતે જાહેરાત કરી કે તેઓ તેમના સંબંધોને ‘વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીના સ્તર‘પર લઈ જશે. અખબારે કહ્યું કે આનો અર્થ એ છે કે ભારત અમેરિકાની ભારત-પ્રશાંત વ્યૂહરચના લાગુ કરવા તૈયાર છે. બદલામાં ભારત મહાન શક્તિનો દરજ્જો પ્રાપ્ત કરવા અને અન્ય યોજનાઓની પૂર્તિ માટે યુ.એસ. ની મદદ માગે છે. એ કહેવું યોગ્ય હશે કે ભારત ચીનને ટાર્ગેટ બનાવવાની ઘણી યુએસ યોજનાઓમાં સક્રિય છે. કોરોના પછી, જો ચીન આગળ વધે અને અમેરિકા નીચે આવે તો ચીનને ઘેરી લેવા ભારત યુ.એસ. સાથે જોડાય એવી સંભાવના છે. ગ્લોબલ ટાઈમ્સે કહ્યું કે જો ભારત ઉતાવળમાં ચીનને દુશ્મન માને છે તેવા જી ૭ જેવા નાના જૂથમાં જોડાય તો તે ભારત અને ચીન વચ્ચેના સંબંધોને બગાડી છે. તે ભારતના હિતમાં નથી. હાલમાં ભારત અને ચીન વચ્ચે દ્વિપક્ષીય સંબંધો પહેલાથી જ ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે. ચીન અને ભારત વચ્ચેના સંબંધો એ તબક્કે બગડ્યા છે કે ફક્ત ઉચ્ચ-સ્તરના નેતાઓ જ વધુ પ્રગતિનો માર્ગ મોકળો કરી શકે છે. ટ્રમ્પ દ્વારા ભારત અને અન્ય ત્રણ દેશોને જી -૭ સમિટમાં આમંત્રણ આપ્યા બાદ ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઝાઓ લિજિઆને ગત દિવસોમાં ચીનના વલણ અંગે સ્પષ્ટતા કરી હતી.

### ૮મીથી ખુલશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

લોકોને નવી માર્ગદર્શિકા હેઠળ ધાર્મિક સ્થળોએ જતા સમયે ધાર્મિક ગ્રંથો અને મૂર્તિઓને સ્પર્શ ન કરવાની સલાહ આપવામાં આવી છે. ૬૫ વર્ષથી વધુ ઉંમરના અને ૧૦ વર્ષથી ઓછી વયનાઓ ધાર્મિક સ્થળોની મુલાકાત નહીં લઈ શકે. ફેસ કવર / માસ્કનો ઉપયોગ જરૂરી છે. પ્રસાદ વિતરણ પર પણ પ્રતિબંધ છે. ધાર્મિક સ્થળોએ થર્મલ સ્ક્રિનીંગ થવું જ જોઈએ, સાથે જ માસ્ક પહેરવું પણ જરૂરી છે. દિવસમાં અનેક વખત ધાર્મિક સ્થળોની સ્વચ્છતા કરવી જરૂરી છે. ૮ જૂનથી દેશના તમામ ધાર્મિક સ્થળોની તાળાબંધી દૂર કરવામાં આવશે, ભક્તિનો માર્ગ બદલાશે. આ ચીજોને મોલ્સમાં રાખવી પડશેઃ ફેસ કવર / માસ્કનો ઉપયોગ કરવા વિશેષ ધ્યાન આપવું જરૂરી છે. મોલ, રેસ્ટોરન્ટમાં જતાં સોશિયલ ડિસ્ટન્સિંગ અને માસ્ક પહેરવાની સૂચના જારી કરવામાં આવી છે. મોલમાં મુલાકાતીઓનાં શરીરનું તાપમાન તપાસવામાં આવશે. ઓછામાં ઓછી ૬ ફૂટનું શારીરિક અંતર રાખી સાઈટ્સ પર રાખવાના નિયમને અનુસરવું જોઈએ. શ્વસન શિષ્ટાચારનું કડક પાલન કરવું જોઈએ. ખાંસી / છીંક આવે ત્યારે મોં પર રૂમાલ વાપરો. આ બધી જગ્યાએ, દરેકને મોં અને નાકથી ઢંકાયેલા રહેવું પડશે. બધા દ્વારા આરોગ્યનું સ્વ-નિરીક્ષણ અને રાજ્ય અને જિલ્લા હેલ્પલાઈનને વહેલી તકે કોઈ રોગ હોય તો જાણ કરવી. આ તમામ જગ્યાએ થૂંકવાપર કડક પ્રતિબંધ છે. મોબાઈલમાં આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરીને તેનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવી છે.તેમજ મોલ્સને વારંવાર સફાઈ કરવા આદેશ અપાયો છે. રેસ્ટોરાં અને હોટલોને અપાયેલી આ સૂચનાઓ ઉપરાંત બાળકો, સગર્ભા સ્ત્રીઓ અને વૃદ્ધોને પણ રેસ્ટોરાંની મુલાકાત લેવાનું ટાળવાની સલાહ આપવામાં આવી છે. રેસ્ટરન્ટમાં, આ માર્ગદર્શિકાઓના અંતર્ગત દર થોડા સમય પછી એક વાર હાથ ધોવાની સલાહ આપવામાં આવી છે. હાથ ગંદા ન હોવા છતાં પણ સાબુથી ઓછામાં ઓછા ૪૦-૬૦ સેકંડ સુધી ધોવાની ભલામણ કરવામાં આવી છે. શક્ય હોય ત્યાં આલ્કોહોલ આધારિત હેન્ડ સેનિટાઇઝર્સ (ઓછામાંઓછા ૨૦ સેકંડ માટે) નો ઉપયોગ કરી શકાય છે. હોટેલ-રેસ્ટોરન્ટ મેનૂ યૂઝ એન્ડ થ્રો વાળા હોવા આવશ્યક છે.હોટેલમાં બેસતી વખતે બંને બેઠકો વચ્ચે પૂરતું અંતર રાખવાની સલાહ પણ આપવામાં આવી છે. ગ્રાહકે રેસ્ટોરન્ટ છોડ્યા પછી સીટની સફાઈ કરવી પડશે. રેસ્ટોરન્ટના સ્ટાફને ગ્લોવ્સ અને માસ્ક પહેરવા જરૂરી રહેશે. કેન્ટોનમેન્ટ ઝોનમાં હોટલ, રેસ્ટોરન્ટ્સ, વગેરે ખોલવાની મંજૂરી નથી. સ્ટાફ અને અતિથિઓએ એક બીજા સાથે સંપર્ક કરવાનું ટાળવું પડશે.

### ભૂકંપના આંચકા

● અનુસંધાન પહેલાનું ચાલુ

નોંધનીય છે કે છેલ્લા દોઢ મહિનામાં દિલ્હી સહિત રાષ્ટ્રીય રાજનાધી ક્ષેત્ર (દ્રઝઈ)માં ૧૧ વખત ભૂકંપના આંચકા અનુભવાયા છે. નોંધનીય છે કે દિલ્હી-એનસીઆરમાં ધરતીની અંદર પ્લેટો એક્ટિવ થવાથી ઉર્જા નિકળી રહી છે, જેના કારણે રહી રહીને આંચકા અનુભવાઈ રહ્યા છે. રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્ર (દ્રઝજી) પ્રમાણે, દિલ્હી-દ્રઝઈમાં ૧૨, ૧૩ અને ૧૬ એપ્રિલના રોજ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. આ જ પ્રમાણે મેમાં પણ ભૂકંપના આંચકાનો સિલસિલો ચાલુ રહ્યો છે. ૬, ૧૦, ૧૫ મે અને ૨૮ મેના રોજ દિલ્હી-ફરીદાબાદ એનસીઆરમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ત્યારબાદ ૨૯ મેના રોજ બે વખત આંચકા અનુભવાયા હતા, જેનું કેન્દ્ર રોહતક હતું.